**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૮ ટકા

# આજે ભાદરવા સુદ નોમ : રામદેવ પીરને નેજા ચઢાવાશે

## રામદેવ પીર એટલે બાર બીજના ધણી : ભાદરવા સુદ એકમથી ભાદરવા સુદ નોમ સુધી રામદેવ પીરના નોરતાની ઉજવણી

ગાંધીનગર તા.૪

ભાદરવા સુદર એકમથી ભાદરવા સુદ નોમ સુધી રામદેવ પીરના નોરતાની ઉજવણી કરવામાં આવે છે. આ નવ દિવસ એટલે રામાપીરની વંદનાનો સર્વશ્રેષ્ઠ અવસર. બાર બીજના ધણીની વંદનાનો સૌથી શ્રેષ્ઠ અવસર. રામદેવ પીર એટલે દુ:ખીયાના બેલી રામદેવ પીર એટલે બાર બીજના ધણી. રામદેવ પીરના ભક્તો તેમને રામાપીર તરીકે સંબોધે છે. ભાદરવા સુદ નોમના દિવસે રામદેવ પીરને લીલા નેજા અને લીલા ઘોડા ચઢાવી આભાર વ્યકત કરવામાં આવે છે. રામદેવ પીરના ભક્તો નવ દિવસ દરમિયાન રામાપીર માટે ભજનો ગાય છે. ઉપવાસ કરે છે, શ્રધ્ધાપુર્વક ભક્તિ કરે છે. રામાપીરનો મહિમા પણ જાણવા જેવો છે. બાર બીજના ધણી એવા રામદેવ પીરનો જન્મ ૬૦૦ વર્ષ પૂર્વે વિ.સં.૧૪૦૯ની ભાદરવા સુદ બીજના દિવસે થયો હતો. રાજસ્થાનના બાડમેર જિલ્લામાં કાશ્મીર નામે ગામ આવેલું છે. આજે આ સ્થાન રામદેવરા તરીકે પ્રસિધ્ધ છે. કહેવાય છે કે ત્યાં માતા મીનળદેવી અને પિતા અજમલ રાયને ત્યાં સ્વયં દ્વારિકાધીશે પુત્ર રૂપે પ્રાગટય કર્યું હતું. અજમલરાય મહાદેવના પરમ ભકત અને પોખરણના રાજવી હતા. તેમને કોઈ સંતાન ન હોઈ તેઓ કાશી વિશ્વનાથના દર્શને ગયા. જયાં તેમની ભક્તિથી પ્રસન્ન થઈ શિવજી તેમના સ્વપ્રમાં આવ્યા અને તેમની મનોકામના પૂરી કરવા દ્વારિકા



જવા નિર્દેશ કર્યો. અજમલ રાય પત્ની મીનળદેવી સાથે દ્વારિકાધીશને ધામ પહોંચ્યા. દંતકથા એવી છે કે ભગવાનને રીઝવવા અજમલ રાયે સમુદ્રમાં છલાંગ લગાવી દીધી. સમુદ્રની અંદર રહેલી પ્રાચીન બેટ દ્વારકામાં તેમને સાક્ષાત્ શ્રીહરિના દર્શન થયા. અજમલજીએ તો દ્વારિકાધીશને જ પુત્ર તરીકે પામવાની ઈચ્છા વ્યક્ત કરી દીધી અને ત્યારે દ્વારિકાધીશે અજમલજીના બીજા પુત્રના રૂપમાં જન્મ લેવાનું વચન આપ્યુ અને પછી વિરમદેવ બાદ રામદેવ તરીકે રાણી મીનળદેવીની કુખે સ્વયં શ્રીહરિનું અવતરણ થયું.

### રામદેવપીરના અપરંપાર પરચા

એક માન્યતા મુજબ રામદેવ પીરનું પ્રાગટય થયું ત્યારે ખંડમાં કંકુના પગલાં પડયા હતા. એવું પણ કહે છે કે સ્વયં ભોળાનાથ પણ રામદેવપીરના દર્શને આવ્યા હતા. તેમણે જ રામદેવજીને ભમ્મર ભાલો, ગુગળ ધુપ, ભસ્મ, ધોળી ધર્મ ધજા અને આદિપંથની અલખની ઝોળી ભેટ આપી હતી. જેમ જેમ રામાપીર મોટા થતાં ગયા તેમ તેમ તેમના અનેક પરચા લોકોને મળવા લાગ્યા. એક કથા અનુસાર ૧૨ સંપ્રદાયના ધર્મગુરૂઓએ રામાપીરનો મહિમા જાણી તેમની કસોટી લીધી એક જ સમયે પોતાને ત્યાં પાટમાં પધારવા આમંત્રણ આપ્યું. રામાપીરે ૧૨ સ્થાન પર એક જ દિવસે અને એક જ સમયે હાજર રહી તેમનો પરચો પુર્યો. બારેય ધર્મગુરૂઓએ સભા બોલાવી રામાપીરનો જયકાર કર્યો અને બાર બીજના ધણીનું નામ આપ્યું. ઉલ્લેખનીય છે કે દર માસની સુદ પક્ષની બીજ રામાપીરને સમર્પિત છે અને નોમના દિવસે રામાપીરને નેજા ચઢાવવામાં આવે છે.



અંબાજીની ૩૪ મી પદયાત્રાના પાંચમા દિવસે સૂર્યોદય સમયે માતાજીની ધજા અને રથ સાથે આંબાઘાટા ઢાળ ચઢતા જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગરના ૧૭૫ પદયાત્રીઓ

## સે-૨૯ની વંદે માતરમ્ પાર્ક-૨ ખાતે નવરાત્રી સમિતિની રચના કરાઇ

ગાંધીનગર તા.૦૪

ગાંધીનગરના સેક્ટર-૨૯ ખાતે વંદે માતરમ્ પાર્ક-૨ સોસાયટીમાં મિટિંગ યોજીને વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩માં નવરાત્રી ઉત્સવના આયોજન માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં સર્વાનુમતે પ્રમુખ પદે અશ્વિનભાઈ દેસાઇ, મહામંત્રી પદે અશોકભાઈ ચૌધરી, ઉપપ્રમુખ પદે રાજુભાઇ મોદી, સહમંત્રીપદે દિલીપભાઈ સોજીત્રા, ખજાનચી પદે ભુપેન્દ્રસિંહ ગરાસિયા, સંગઠન મંત્રી પદે ધીરુભા ઝાલાની નિમણૂંક કરવા ઉપરાંત સલાહકાર સમિતિ તથા બ્લોકવાઇઝ બે પ્રતિનિધિઓની પણ નિમણૂક કરવામાં આવી હતી.

## સેક્ટર-૧૨સી ખાતે ઇકો ફ્રેન્ડલી સજાવટમાં બિરાજમાન લંબોદર



ગાંધીનગરમાં મંગલમૂર્તિ ગણેશજીનો ઉત્સવ ભારે ઉલ્લાસપૂર્વક ઉજવાઈ રહ્યો છે. શહેરના સેક્ટર-૧૨સી ખાતે પ્લોટ નં.૩૬૦ એ/૨ ખાતે સિદ્ધિ વિનાયક ઈકો ફ્રેન્ડલી સજાવટમાં બિરાજમાન જોઈ શકાય છે. અહીં ગણેશજી એક ગુફામાં મૂષક પર સવાર થઈને બેઠાં છે અને તેની જંગલનો માહોલ છે. પર્યાવરણના જતનના સંદેશને અનુલક્ષીને આ સજાવટ કરવામાં આવી છે જેમાં વેસ્ટમાંથી બેસ્ટ મોડલના સિદ્ધાંત પર જુના પેપર તથા ખોખાં વગેરેનો ઉપયોગ કરી ગુફા અને જંગલની થીમ ઉભી કરવામાં આવી છે. આ થીમ ઉભી કરીને પ્રકૃતિના જતનનો સંદેશ પાઠવવા રૂદ્રેશ ચોકસી, ઋષિકેશ ચક્રવર્તી, કોમલ ચોકસી, જિજ્ઞેશ ચોકસી તેમજ હિમાંશુ ચોકસીએ જહેમત ઉઠાવી હતી.

## પર્યુષણના જૈન તપસ્વીઓની શોભાયાત્રા યોજાઇ



શહેરના સે. ૨ ૨માં શ્રી ગાંધીનગર જૈન સંઘ ખાતે પ.પૂ.આ.ભ. શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં માસ ક્ષમણ (ત્રીસ ઉપવાસ)થી માંડીને અઠ્ઠાઈ (આઠ ઉપવાસ) સુધીની ૬૦ જેટલી વિવિધ તપશ્ચર્યાઓ થઈ તેઓના બહુમાન માટે આજ રોજ તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક તપસ્વીઓ બગીમાં બેસીને શોભાયાત્રામાં શહેરના માર્ગો પર પરિભ્રમણ કર્યુ હતું.

## અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી ખાતે ગણેશ ચતુર્થીની ઉજવણી



ગણેશચતુર્થી નિમિત્તે અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટી. અડાલજ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી જેની ભક્તિભાવ અને આદર સત્કાર સાથે વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રો દ્વારા પૂજા અર્ચના કરવામાં આવી હતી. ત્રણ દિવસની સ્થાપના બાદ વાજતે ગાજતે ગણપતિ બાપ્પાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.



વાવોલની ધ સ્પેન્ટા સોસાયટી ખાતે ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત યોજાયેલી રાસ-ગરબાં સહિતની પ્રવૃતિઓમાં ભાગ લઈને વિજેતા બનેલા બાળકોને વડીલોએ ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

## એમ બી પટેલ સ્કુલમાં શપથગ્રહ સમારોહ



ગાંધીનગર, તા.૪

એમ.બી.પટેલ ઈંગ્લીસ મીડીયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં વિદ્યાર્થીઓનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. નાથીબા કોલેજ સ્થિત ખીમજી વિશ્રામ હોલમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ શાળામાં શિસ્તને લગતી તમામ જવાબદારીઓ સુપેરે નિભાવવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. શાળાના એનએસએસ પ્રોગામ ઓફીસર ડો.વર્ષા પારેખ અને તેમની ટીમ તથા વિદ્યાર્થીઓએ સંસ્થા ગીતનું ગાન કર્યુ હતું. શપથગ્રહણ કાર્યક્રમમાં શાળાની પૂર્વ વિદ્યાર્થી અને શહેરના જાણીતા કથક કલાકાર અંજલિ તન્ના તથા શ્વેતા ડેનિયલ (ડીવાયએસપી) ડાયરેકટર કમાન્ડો ટ્રેનીંગ સેન્ટર, કરાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવાની હાકલ કરી હતી અને શાળા પરિવાર અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ અને ડો.સ્નેહાએ કર્યુ હતું. શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને ઈન્ટરનેશનલ લેવલે શાળાએ બતાવેલ પર્ફોમન્સ રજુ કરીને સહુને મંત્રમુગ્ધ કર્યા હતા.

## એસજી અને એસવી પ્રાથમિક શાળામાં પામ પેઈન્ટીંગ પ્રવૃતિ



ગાંધીનગર, તા.૪

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળા મા ધોરણ ૧ થી ૪ માં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓ માટે' પામ પેન્ટિગ પ્રવૃતિ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક જોડાયા હતાં જેમા વિદ્યાર્થીઓએ પોતાના હાથથી વિવિધ રંગો વડે સુંદર ચિત્રો બનાવ્યા હતા.

## જન્મદિને વધામણી



વિનોદભાઈ સી ત્રિવેદી
મો. ૯૮૯૮૦ ०૬૪૯૩



વલ્લભભાઈ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૫ ૫૨૨૭૯



હિતેષ શ્રીમાળી
મો. ૯૧૦૬૬ ૧૫૨૧૯




પ્રફુલ દરજી



હર્ષ ગેડિયા
મો. ૯૫૫૮૮ ૯૦૮૧૫



વજરાજસિંહ ખુમાનસિંહ રાઠોડ



જૈનિલ મનિષ ખત્રી



વેદ ધ્રૂપદ વ્યાસ
મો. ૮૪૫૨૦ ૪૨૭૮૨



રીશા રાજીલ ઠક્કર




સાગર કુલદીપ બી
મો. ૯૦૩૩૫ ०૩૨૨૧



રિધમ એસ વાઘેલા
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૮



મહંમદરૂહાન દિલશાદહુસેન શેખ



સ્મિત વાગોસણા



હર્ષિલકુમાર ડી સોલંકી
મો. ૯૯૦૪૬ ૩૧૧૦૬

## ભાર્ગવ સ્કેટીંગ ટીમના ખેલાડીઓએ રોલ બોલની સ્પર્ધામાં મેદાન માર્યુ




ગાંધીનગર, તા.૪

તાજેતરમાં રાજય કક્ષાની વેસ્ટ ઝોન રોલ બોલની સિલેકશન ટ્રાયલની સ્પર્ધા અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં અલગ અલગ જિલ્લાના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧૧ વર્ષ અને ૧૪ વર્ષથી નીચેના ભાઈઓ અને બહેનોની સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં ૧૪ વર્ષતથી નીચેના ભાઈઓમાં ભાર્ગવ સ્કેટીંગ ટીમના ખેલાડીઓએ બ્રોન્ક મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ બધા જ ખેલાડીઓ સ્કુલ ઓફ એચીવરમાં અભ્યાસ કરે છે જેમાં શાહ હર્ષ, પટેલ દર્શ, દરજી તક્ષ, પ્રજાપતિ ધ્રુમિલ, પટેલ માર્મિક, વ્યાસ હેત વિજેતા બન્યા હતા. આ ખેલાડીઓના કોચ ભાર્ગ ઐયરે તાલીમ આપી હતી.